# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 29-09-2025** **Evening : 7.10 to 7.20 pm**
**Day : Monday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

1. મુખ્યમંત્રીએ રાજ્યના લોકો વિદેશી વસ્તુઓ પર નિર્ભરતા ઘટાડે તેવું વાતાવરણ બનાવવા ઉદ્યોગ સંગઠનોને અનુરોધ કર્યો
2. અમદાવાદમાં યોજાનારા શૉપિંગ ફેસ્ટિવલમાં સ્વદેશી ઉત્પાદનોને વૈશ્વિક અપીલ સાથે રજૂ કરાશે
3. દિવાળી નિમિત્તે રાજ્યમાં ST બસના વધારાના બે હજાર 600 ફેરાનું સંચાલન કરાશે
4. સૌરાષ્ટ્ર અને કચ્છમાં આગામી ચાર દિવસ ભારે વરસાદની આગાહી
5. ખેડામાં યોજાયેલી રાજ્યકક્ષાના ભારતીય શાળાકીય રમતોત્સવમાં ડાંગના ખેલાડીઓનું શ્રેષ્ઠ પ્રદર્શન

------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# CM PATEL SWADESHI ABHIYAN

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના વિવિધ વેપારી સંગઠન, ઉદ્યોગકાર અને ઉદ્યોગ સંગઠન સાથે ઑનલાઈન માધ્યમથી સંવાદ કર્યો. વસ્તુ અને સેવા કર – GST બચત ઉત્સવ અને સ્વદેશીનો વ્યાપ વધારવા હેતુથી યોજાયેલા સંવાદમાં સુરતથી વેપાર અને ઉદ્યોગ મહામંડળના હોદ્દેદારો પણ જોડાયા હતા. શ્રી પટેલે GST ઘટાડાનો લાભ સામાન્ય નાગરિકને મળે અને નાગરિકો બચત ઉત્સવનો લાભ લઈ શકે તેવું આહ્વાન કર્યું.

આ પ્રસંગે મુખ્યમંત્રીએ રાજ્યમાં લોકો રોજિંદા જીવનમાં વધુ સ્વદેશી ઉત્પાદનોનો ઉપયોગ કરે અને વિદેશી ઉત્પાદનો પરની નિર્ભરતા ઘટાડે એવું વાતાવરણ બનાવવા રાજ્યના ઉદ્યોગ સંગઠનોને અનુરોધ કર્યો.

-------------

# AMDAVAD SHOPPING FESTIVAL

અમદાવાદમાં આગામી પાંચ ડિસેમ્બરથી 16 જાન્યુઆરી 2026 સુધી યોજાનારા શૉપિંગ ફેસ્ટિવલમાં સ્વદેશી ઉત્પાદનોને વૈશ્વિક અપીલ સાથે પ્રોત્સાહિત એટલે કે પ્રમોટ કરાશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં શૉપિંગ ફેસ્ટિવલના આયોજન અંગે યોજાયેલી ઉચ્ચ સ્તરની બેઠકમાં આ નિર્ણય કરાયો.

મુખ્યમંત્રીએ આ વર્ષનો ફેસ્ટિવલ બહોળા પ્રમાણમાં લોકોને આકર્ષે અને ત્યાં બધુ મળે છે તેવી છબી લોકોમાં બને તેવી વસ્તુઓના વેચાણ માટે બેઠકમાં માર્ગદર્શન આપ્યું. સમગ્ર આયોજનને આખરી ઓપ આપવા રચાયેલી માર્ગદર્શક સમિતિ ફેસ્ટિવલના તમામ પાસાને સાંકળીને વિસ્તૃત આયોજન કરે તેવું સૂચન પણ શ્રી પટેલે આપ્યું.

-------------

# GARBA OVERALL

**(ગરબા મ્યુઝિક)**

ભક્તિ અને આરાધનાના પર્વ નવરાત્રિના સાતમા નોરતે આજે માઁ કાલરાત્રિની પૂજા-અર્ચના કરાય છે. ત્યારે રાજ્યભરમાં ભક્તો ગરબે ઝૂમીને માતાજીની આરાધના કરી રહ્યા છે.

ભાવનગરના અપંગ પરિવાર કલ્યાણ કેન્દ્રમાં સામાજિક સંસ્થા દ્વારા દિવ્યાંગ અને મનોદિવ્યાંગ યુવકો માટે રાસ ગરબા યોજાયા હતા.

તાપીના વ્યારા, તેમજ ગ્રામીણ વિસ્તારમાં વરસાદ થતાં ગરબા આયોજકો મુશ્કેલીમાં મુકાયા છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પણ વિવિધ ગરબા મહોત્સવમાં ઉપસ્થિત રહી ખેલૈયાનો ઉત્સાહ વધાર્યો. અમદાવાદના નોરતા નગરી અને સ્વર્ણિમ નગરી ખાતે 'ઓપરેશન સિંદૂર' ગીત પર ખેલૈયાઓએ રાસની રમઝટ બોલાવી હતી. સૈન્યના શૌર્ય અને પરાક્રમના સન્માનમાં સાતમા નોરતે ખેલૈયાઓએ ગરબા થકી સેનાના જવાનોને સલામી આપી.

**(ગરબા મ્યુઝિક)**

-------------

# GST – POST CARD

આણંદના અજરપૂરા ગામના 100થી વધુ સભાસદોએ વસ્તુ અને સેવાકર - જીએસટીમાં ઘટાડા બદલ પ્રધાનમંત્રીનો આભાર વ્યક્ત કરતાં પત્ર લખ્યા હતા. આ અંગે અજરપૂરા ડેરીના અધ્યક્ષ ગાયત્રી અજરપૂરાએ પ્રતિક્રિયા આપી...

(BYTE- GAYATRIBEN AJARPURA, DAIRY CHAIRMAN)

-------------

# ST EXTRA BUS DIWALI

ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમ – GSRTC દ્વારા આ દિવાળી નિમિત્તે બસના વધારાના બે હજાર 600 ફેરાનું સંચાલન કરાશે. તેનાથી રાજ્યના પાંચ લાખથી વધુ મુસાફરોને લાભ થશે. સત્તાવાર યાદી મુજબ, લોકો પોતાના વતનમાં દિવાળીની ઉજવણી કરી શકે તે હેતુથી વધારાની બસ આગામી 16થી 19 ઑક્ટોબર સુધી દોડાવાશે.

સૌરાષ્ટ્ર જવા મુસાફરોને સુરતના રામચોક અને મોટા વરાછાથી ST બસ મળશે. જ્યારે ઉત્તર ગુજરાત તથા અમદાવાદ માટે મુસાફરોને સુરત મધ્યસ્થ બસ મથકથી બસની સુવિધા પ્રાપ્ત થશે. ઉપરાંત દાહોદ તથા પંચમહાલના શ્રમજીવીઓ માટે સુરત મધ્યસ્થ બસ મથકની સામેના સુરત

શહેરી બસ મથક ખાતેથી તેમજ રામનગર રાંદેર રોડ સુરત ખાતેથી બસ મળી રહેશે.

-------------

## NATIONAL CONFERENCE GNR

ગાંધીનગરમાં આગામી ત્રણ અને ચાર ઑક્ટોબરે ડિજિટલ ઇન્ડિયા, જમીન વ્યવસ્થાપન અને આપત્તિ વ્યવસ્થાપન અંગે રાષ્ટ્રીય પરિષદ યોજાશે. ગાંધીનગરમાં આ અંગે માહિતી આપતાં મહેસુલ વિભાગનાં અધિક મુખ્યસચિવ ડૉક્ટર જયંતી રવિએ કહ્યું, ડિજિટલ ઇન્ડિયા જમીન નોંધણી આધુનિકીકરણ કાર્યક્રમ – D.I.L.R.M.P-ના લક્ષ્ય હાંસલ કરવાની દિશામાં આ પરિષદ મહત્વનું સીમાચિહ્ન સાબિત થશે. તેમાં માહિતીની આપ–લે, ક્ષમતા નિર્માણ, શ્રેષ્ઠ અભ્યાસ, નવા મુદ્દાઓના અભ્યાસ અને નીતિ માળખા વગેરે મુદ્દે ચર્ચા કરાશે.

પરિષદમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સહિત વિવિધ રાજ્ય અને કેન્દ્રસાસિત પ્રદેશના મહેસુલી અને આપત્તિ વ્યવસ્થાપનની કામગીરી સાથે સંકળાયેલા અધિકારીઓ સહભાગી થઈ વિચાર-વિમર્શ કરશે.

-------------

## VALSAD MP RAJUAAT

વલસાડના સાંસદ ધવલ પટેલે ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં થયેલા નુકસાન અંગે રાહત નાણાકીય સહાય જાહેર કરવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને પત્ર લખી રજૂઆત કરી છે. તેમણે પત્રમાં જણાવ્યું, ધરમપુર, કપરાડા, ચીખલી, વાંસદા તાલુકાના અનેક ગામમાં તૈયાર પાક નાશ પામ્યા છે. જ્યારે આદિવાસી વિસ્તારના કેટલાક મકાન તૂટી ગયા છે અને ગામના રસ્તા તથા સુવિધાઓને અસર થઈ છે.

**(BYTE: DHAVAL PATEL, MP, VALSAD-DANG)**

-------------

# WEATHER FORECASTT

હવામાન ખાતાએ રાજ્યમાં આગામી સાત દિવસ વરસાદની આગાહી કરી છે. ત્યારે આગામી ચાર દિવસ સૌરાષ્ટ્ર અને કચ્છમાં ભારે વરસાદની સંભાવના છે. માછીમારોને પણ પાંચ દિવસ દરિયો ન ખેડવા સૂચના અપાઈ હોવાનું હવામાન ખાતાને નિયામક ડૉક્ટર એ. કે. દાસે જણાવ્યું.

**(BYTE: DR. A. K. DAS, DIRECTOR, IMD AMDAVAD)**

-------------

# RAIN DISTRICT

રાજ્યમાં વરસાદનું જોર ફરી વધતાં આજે સાંજે છ વાગ્યા સુધીમાં 100 તાલુકામાં વરસાદ થયો છે. સૌથી વધુ ચાર ઇંચ જેટલો વરસાદ જુનાગઢના માંગરોળ તાલુકામાં થયાના અહેવાલ છે.

અમરેલીમાં ભારે વરસાદને કારણે શેત્રુંજી નદીમાં પૂર જેવી સ્થિતિ સર્જાઈ છે અને ઠેબી, ખોડિયાર અને ધાતરવડી બંધ-2 છલકાઈ જતાં ત્રણેય મુખ્ય બંધના દરવાજા ખોલાયા છે. તેના કારણે નીચાણવાળા વિસ્તારોને સાવચેત કરાયા છે.

ભરૂચમાં અચાનક આવેલા વરસાદથી ખેડૂતો, ગરબા આયોજકો અને ખેલૈયાઓ ચિંતામાં મુકાયા છે. શહેરની પટેલ સોસાયટી, હોસ્ટેલ મેદાન સહિત જિલ્લાના અનેક ગરબા મેદાનમાં પાણી ભરાઈ ગયા છે.

રાજકોટમાં ભારે વરસાદના કારણે 7 બંધ સંપૂર્ણ છલકાઇ જતાં હેઠવાસમાં આવેલા ગામોના લોકોને સલામત સ્થળે ખસી જવા અને નદીના પટમાં અવરજવર ન કરવા સૂચના અપાઇ છે.

છોટાઉદેપુરમાં પણ આ વર્ષે સારો વરસાદ થતાં સીતાફળનું મબલખ ઉત્પાદન થયું છે. હાલ એક કિલોના 80 થી 100 રૂપિયાના ભાવે વેચાતા સીતાફળનો વીસ કિલોની પેટીમાં પેક કરીને વેચાણ કરાય છે. એક પરિવાર પ્રતિ વ્યક્તિદીઠ એક દિવસમાં બે હજાર રૂપિયા સુધીની આવક મેળવે છે, તેમ વન વિભાગના આધિકારી નિરંજન રાઠવાએ જણાવ્યું.

-------------

# DANG GOLD MEDAL

ખેડામાં યોજાયેલા રાજ્યકક્ષાના 69-મી અખિલ ભારતીય શાળાકીય રમતોત્સવમાં ડાંગના ખેલાડીઓએ શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું છે. સાપુતારાના જિલ્લા સ્તર રમતગમત સંકુલ – DLSSના ખેલાડી અને સાપુતારા સાંદિપનીમાં ભણતા ડાંગના રિન્કલ વસાવાએ 800 મિટર સ્પર્ધામાં રાજ્યમાં પહેલો ક્રમાંક મેળવી સુવર્ણ ચંદ્રક જીત્યો છે. હવે તેઓ હરિયાણા ખાતે યોજાનારી રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધામાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કરશે.

આ જ રીતે રાજ્યકક્ષાની તીરંદાજી સ્પર્ધામાં D.L.S.S. સાપુતારાના ખેલાડી રવિ સંજય સાપ્તા અને હેતલ દળવી-એ કાંસ્ય ચંદ્રક જીત્યો છે. તેમજ કિરણ ભીલ પણ 620 સ્કોર મેળવીને રાષ્ટ્રીય ટીમમાં પસદંગી પામ્યા છે.

-------------

# SWASTHA NARI SASHAKTA PARIVAR DAMAN

કેન્દ્રશાસિત પ્રદેશ સેલવાસના દાદરા ગામમાં સ્વસ્થ નારી સશક્ત પરિવાર અભિયાન હેઠળ આરોગ્ય શિબિર યોજાઈ. પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે યોજાયેલી શિબિરનો 250થી વધુ લાભાર્થીએ લાભ લીધો. ગ્રામીણ અને આંતરિયાળ વિસ્તારના લોકોને ગુણવત્તાયુક્ત આરોગ્ય સેવા ઉપલબ્ધ કરાવવા અને રોગને રોકવા તથા ઉપચાર સંબંધિત જાગૃતિને પ્રોત્સાહન આપવાના હેતુથી આ શિબિર યોજાઈ. આ અંગે લાભાર્થી સ્વિટીબેને પ્રતિક્રિયા આપી.